# શ્રી ગણેશ જયંતી એટલે તિલકુંદ ચોથ

મહા સુદ ચોથ એટલે તિલકુંદ ચતુર્થી ગણેશ જયંતી તરીકે ઉજવવામાં આવે છે. કારણ વારાણસી (કાશી)માં ઢુંઢીરાજ (મહાગણપતિ)નો જન્મ થયો છે. એનો ઉત્સવ મહા સુદ એકમથી મહા સુદ પાંચમ સુધી ઉજવવામાં આવે છે. મહારાષ્ટ્રમાં કોંકણ પ્રાંતમાં અને યુપીમાં ગણેશ જયંતી તહેવાર રંગેચંગે ઉજવાય છે. ગણેશરૂપ મૂલતઃ ૐકાર સ્વરૂપ છે, તેનો જન્મપ્રસંગનો ઉત્સવ ના હોય પરંતુ દેવદેવતાઓની વિનંતીને માન આપીને આ આદિગણેશ ઔટ માત્રાત્મક પ્રણવરૂપી પરમાત્મા જગદ્દ ઉદ્ધાર માટે અવતરેલ છે, તે માટે જ અન્ય અવતારોના ઉત્સવો થાય છે તે પ્રમાણે ગણેશજીને પારણામાં ઝુલાવીને ગણેશ જયંતી ઉજવાય છે. ૐકાર સાધના, વિદ્યોપાસના અને આધ્યાત્મિક સાધના કરીને જયંતી ઉજવવાનો શાસ્ત્રનો અભિપ્રાય છે. પરિવારોમાં કોઇ દિવ્યાંગ, અપંગ કે અવયવોમાં ખામી ન આવે તેના માટે આ ગણેશ જયંતી ઉજવવાનો પ્રઘાત છે.

વસંતપંચમી-મહા સુદ પાંચમ શ્રી પંચમી તરીકે ઉજવવાનો લોકપ્રિય તહેવાર છે. આ વ્રત કામનિક વ્રત છે. આ દિવસે રતિમદનપૂજાનું મહત્ત્વ છે. સવારે અભ્યંગ સ્નાન કરીને, સુગંધીમય થઈને, નવાં વસ્ત્રો અને અલંકાર ધારણ કરીને મધ્યાહને પૂજન કરવામાં આવે છે.

**જ્ઞાનામૃત**
**બ્રહ્માકુમાર અનિલ**

પાટલા પર નવું વસ્ત્ર પાથરીને ચોખાની ઢગલી પર બે સોપારીઓ રતિમદનરૂપે બિરાજીને તેનું પૂજન કરવું, ફૂલપત્રી, અત્તર- ચંદન અર્પણ કરવું અને 'શ્રીરતિમદનાભ્યાઃ નમઃ' આ નામ મંત્ર બોલવો. અગરબત્તી, દીપજ્યોતિ કરવી. શ્રી વિષ્ણુ અને મહાદેવનો જપ કરવો. નૈવેદ્યમાં



મિષ્ટાન્ન, દાળ-ભાત, પત્ર ફળોની શાકભાજી રાખવી. ઘરના સુહાસિની અને પુરુષોને ભાવતી રસોઇ બનાવવી. આનંદમંગલમાં દિવસ પસાર કરવો. રાત્રે પૂજાને સમાપ્તિ આપવી. વિસર્જનવિધિ આ પૂજનને નથી. અનેક પરિવારોમાં અકારણ વૈરાગ્યની લાલસા આવે છે. સંસારમાંથી મન ઊઠી જાય છે. આ વ્રત કરવાથી સંસાર સુખમય બને છે. પતિપત્ની વચ્ચે પ્રેમ વધે છે. આકર્ષણ મજબૂત બને છે. નવદંપતીને આ વ્રત ફલદાયી નિવડે છે. બ્રાહ્મણોને અને ગરીબોને આ દિવસે દાન કરવું અને સત્ય, સંયમ, શાંતિ માટે સંકલ્પ કરવો, સિદ્ધ બને છે.

રથ સપ્તમી (ભાનુ સપ્તમી) આ એક મહા પુણ્યશાળી દિવસ છે. આપણે બધાં સૂર્ય અને ચંદ્ર દેવતાઓને રોજ જોઈએ છીએ. આ પ્રત્યક્ષ સાક્ષી દેવતા હોવા છતાં આપણાથી એમના પર દુર્લક્ષ થાય છે. રોજ પ્રાતઃ સમયે આવનારો રવિરાજ અરૂણોદય કરે છે. સોનેરી કિરણો વરસાવે છે. તેને જોઈને ફૂલો મહેકે છે, પક્ષીઓ કલરવ કરે છે. ગાયો દૂધની ગંગા વહાવે છે. બપોરે ભાનુદેવ સખત ગરમીનાં સીધાં કિરણોથી પૃથ્વી અંદરના કિટક, જંતુ અને અપાય આપનારા જીવજંતુનો નાશ કરે છે. નદી, સરોવર, સાગરનું પાણી તપ્ત થઈને વરાળરૂપે ઉર્ધ્વગામી બને છે. સૂર્ય છે તો સર્વ છે. સાંજનો સંધ્યાકાળ રમણીય, સંતોષી અને ધ્યાન આપનારો સમય છે. પશુપક્ષી પોતાના ઘરમાં વસે છે. સૂર્યોદય અને સૂર્યાસ્તનો વિષય એક મહાગ્રંથની માળા છે.

> વસંતપંચમી-મહા સુદ પાંચમ શ્રી પંચમી તરીકે ઉજવવાનો લોકપ્રિય તહેવાર છે. આ વ્રત કામનિક વ્રત છે. આ દિવસે રતિમદનપૂજાનું મહત્વ છે

મહા સુદ સપ્તમી રથસપ્તમીનો ઊર્જાવાહક તહેવાર છે. છઠના દિવસે ઉપવાસ રાખીને સપ્તમીની પ્રભાતે આ મંત્રોચ્ચાર કરવો. 'યદા જન્મકૃતં પાપં મયા જન્મસુ જન્મસુ | તન્મે રોગં ચ શોકંચ માકરીદન્તુ સપ્તમી || પછી તલમિશ્રિત પાણીથી સ્નાન કરવું. કાગળ પર રથમાં વિરાજીત સૂર્યની પ્રતિમા દોરવી.અન્યથા સૂર્યદેવનું ચિત્ર સામે રાખવું. સૂર્યદેવની પૂજા કરવી. પ્રસાદમાં ચોખાની ખીર બનાવવી. લાલરંગનું ફૂલ સૂર્યદેવને અર્પણ કરવું. સૂર્યનાં બાર નામો બોલીને સૂર્યોપાસના કરવી. ૐ સૂર્યાય નમઃ । ૐ મિત્રાય નમઃ । ૐ રવયે નમઃ । ૐ ભાનવે નમઃ । ૐ ખગાય નમઃ । ૐ પુષ્ણે નમઃ । ૐ હિરણ્યગર્ભાય નમઃ । ૐ મરીચયે નમઃ । ૐ આદિત્યાય નમઃ । ૐ સવિત્રે નમઃ । ૐ અર્કાય નમઃ । ૐ ભાસ્કરાય નમઃ। શ્લોક બોલવો. 'એક ચક્રો રથોયસ્ય દિવ્ય કનકભૂષિતઃ। સમે ભવતુસુપ્રીતઃ પદ્મહસ્તો દિવાકરઃ || (જેના સુવર્ણ દિવ્ય રથને એક પૈંડુ છે અને હાથમાં કાયમ પુષ્પ રાખનારા સૂર્યદેવ મને પ્રસન્ન થાશો). સૂર્યના દર્શન થાય એવી જગ્યા પર કોલસા, છાણા સળગાવીને એના પર માટીના નાના વાસણમાં દૂધ ભરી દેવું અને તે નાનું પાત્ર પ્રકટાવેલ અગ્નિ પર વ્યવસ્થિત મૂકશો, બપોરના સમયે દૂધ ઉકળીને ઉભરાઈ જશે. બાકી રહેલ દૂધ પ્રસાદરૂપે પરિવાર સભ્યોએ ગ્રહણ કરવું. આ વ્રતવિધિ કરવાથી ઘરમાં ધનધાન્યાદિ, સમૃદ્ધિ આવશે. શાંતિ, સમાધાન, સંયમ જળવાશે. રોગ, દુઃખ, કષ્ટનો નાશ થશે.

રોજ સૂર્યદેવના સવારસાંજ દર્શન કરવાં. બાર નામોનું સ્મરણ કરવું. સૂર્ય અને ચંદ્રદેવ કળીયુગમાં સુખ સમાધાનની ચાવી છે. સ્તુતિ - નમઃ સૂર્યદેવો તમે ધન્યમૂર્તિ | તમે આપનારા સુકીર્તિ ને સ્ફૂર્તિ| પૃથ્વી રક્ષણાસ્તવ તમારી છે શક્તિ | સદા સર્વદા કરું સૂર્યભક્તિ||

# શિવચરિત્ર

આપણે પાર્વતીજીની ગુરુનિષ્ઠાનું દર્શન કર્યું. કહે છે મારા ગુરુનો આદેશ છે, ગુરુએ આદેશ આપ્યો છે કે તપસ્યામાં લાગેલી રહે, શિવ તને મળશે. ગુરુ આજ્ઞાનું પાલન ધર્મ છે. ભરતજી કહે છે- ગુરુ આજ્ઞાના હિસાબે રાજગાદી સ્વીકારી લેત, મા કૌશલ્યાએ પણ કહેલું કે- પુત્ર, ગુરુની આજ્ઞા પથ્થર સમાન છે, સ્વીકાર કરો. નહીં સ્વીકાર્યું. કેમ? ના મને અર્થ જોઈએ, ન ધર્મ જોઈએ. એ ધર્મ જે મને રામ સમીપ જતાં રોકે. ગોપી એ ધર્મ છોડીને ગઈ. ધર્મ, કર્તવ્ય, મર્યાદા- અડધી રાત્રે પૂર્ણિમાની રાત્રિએ. ઘર, સગાં-સંબંધી છોડીને જ્યાં જ્યાં કર્તવ્ય કર્મમાં રોકાયેલી હતી, બધું છોડીને ગઈ. અરે! સમજ્યા કે પતિ તો પોતાનું કામ જાતે કરી લે પણ બાળકોને છોડીને! સામાન્ય દોડનારા, રમનારા બાળકો નહીં, દૂધમુંહ બાળક! બધું છોડીને ગઈ. સામેવાળાને ધર્મની સમજ નથી તો ધર્મ સમજનાર લોકો રોકે છે. આ જે કરો છો તે અધર્મ છે. અડધી રાત્રે ઘર છોડી જંગલમાં જાવ છો? આ કયું પાગલપન છે? પતિ ભોજન કરે છે એની સેવામાં છે પત્ની, બંસી સાંભળીને ભાગી! બાળક ભૂખ્યું છે, રડે છે, સ્તનપાન કરાવતી હતી તેને છોડીને ભાગી! ખુદ ભોજન કરતી હતી, હાથમાંથી કોળિયો છોડીને ભાગી! આ શું? સાધારણતયા કોઈ ભોજન છોડીને ઊઠે તો આપણે એને રોકીએ. પહેલાં ખાઈ લો, થાળી એંઠી છે. ઊભા થઈને જવાય નહીં. બધી જ મર્યાદા, બધા જ નિયમોનું ઉલ્લંઘન! સમજાવવાવાળાએ સમજાવવાની ચેષ્ટા કરી. પતિ, ભાઈ, બંધુ કોઈનું ન સાંભળ્યું. છોડો એની વાત ન માની પણ જેના પ્રેમને કારણે આ બધાને છોડીને ધર્મ સમજીને ગઈ એ પ્રિયતમ શ્રીકૃષ્ણે પણ તો સમજાવી. આ બરાબર નથી. નિષ્કપટ ભાવથી પતિની સેવામાં લાગેલાં રહેવું એ સ્ત્રીનો ધર્મ. પતિ દુર્ભાગી હોય, રોગી, નિર્ધન હોય એની સેવા એ ધર્મ. સ્વયં શ્રીકૃષ્ણે સમજાવ્યું. તો પણ ક્યાં માની? શું આ ધર્મ ન હતો? એક હોય છે ધર્મ અને બીજો એનાથી ઉત્પન્ન થનારો ભ્રમ. એ અધોક્ષ જ ભગવાનમાં ભક્તિ અને એને કારણે 'અરથ ન ધરમ ન કામ રુચિ.' - કામમાં મારી કોઈ રુચિ નથી, મારી રુચિ તો રામમાં છે. ના મોક્ષ જોઈએ મને.

**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**

ભરતજીને આ જ વસ્તુ નથી જોઈતી. પણ શું જોઈએ એ પહેલાં નથી કહ્યું. સાંભળીને પ્રયાગરાજ ચિંતિત થયા કે લે, મારી દુકાનમાં એટલો જ તો સામાન છે. ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ જ તો છે. એ તો આમને જોઈતું નથી. હવે એ જે માંગશે અને હું એ ન આપી શકીશ તો? પહેલી વાર એક એવો માંગનારો આવ્યો છે જેને આપીને હું ધન્ય બનનાર હતો. હવે મારી પાસે જે સામાન છે એ તો આમને જોઈતો નથી. શ્રી ભરતજી આગળ બોલ્યા- શું જોઈએ છે? 'જનમ જનમ રતિ રામ પદ યહ બરદાન ન આન'- જનમ-જનમ રામના ચરણોમાં રતિ, પ્રેમ જોઈએ છે. સાંભળીને થોડા રિલેક્સ બન્યા તીર્થરાજ પ્રયાગ- કેમ? આ તો એવી વાત થઈ કે કોઈ માણસ કંઈ શોધતો હોય કે મારા ચશ્મા ક્યાં મૂક્યા? અડધા કલાક પહેલાં તો હતા. છોકરો કહે- બાપુજી તમારા માથા પર છે. અહોહો! અહીંયા જ છે. આપે માથા ઉપર ચઢાવેલાં છે. તીર્થરાજ પ્રયાગરાજે ભરતજીનું દર્શન કર્યું છે. કેવું છે દર્શન- 'સકલ કહહિં સરાહિ સરાહિ, રામપ્રેમ મૂરતિ તનું આહિં.'- જે અયોધ્યાના લોકોએ રાજસભામાં દર્શન કરેલું ભરતજીનું. આ તો છે જ રામપ્રેમનું મૂર્તિમંત સ્વરૂપ! જે છે એ જ માંગે! પ્રેમ-પ્રેમ માંગે! સાચું કે પ્રેમની માંગ પ્રેમથી જ પ્રગટ થાય છે. ભીતર પ્રેમ હોય તો જ માણસ કહે- બસ પ્રેમ જોઈએ. બીજું કંઈ ન જોઈએ એવું કહે. બીજી કોઈ કામના હોય તો માણસ બીજું કંઈ માંગે. તીર્થરાજ સમક્ષ ભરતજીએ બિલકુલ નિષ્કપટ બનીને પોતાની વાત મૂકી. તીર્થરાજ પ્રયાગરાજે ત્યારે કહ્યું, 'તાત ભરત તુમ સબ નિધિ સાધુ, રાયરન અનુરાગ અગાધુ'- હે તાત! આપ દરેક રીતે સાધુ છો. આપ જેવા સજ્જન, સદચરિત્ર, સુશીલ, સરલ બીજું કોણ હોય શકે? જે આપ માંગી રહ્યા છો આપના રોમ-રોમ આપના શરીરનો એક-એક કણ એનાથી જ બન્યો છે. 'રામચરન અનુરાગ અગાધૂ'- ધર્મનું આ ફળ છે- ભગવાનમાં પ્રેમ. બધું છોડીને આવેલી ગોપીઓએ કૃષ્ણની વાત ન માની, ન સાંભળી તો શું એ નિંદાની પાત્ર બની? ના, ઊલટાનું ગોપીઓની ભૂમિકા એટલી તો ઊંચી બતાવાય કે એ પ્રેમ મંદિરની ધજા છે! શિખર નહીં, શિખર પરની ધ્વજા છે- ગોપી, પ્રેમની ધ્વજા! એટલે સુધી કે શ્રી ઉદ્ધવજી જેવા પરમજ્ઞાની મહાનુભાવ પણ- વંદે વ્રજ.... કહી વ્રજાંગનાઓની



> સ્વયં શંકર બ્રહ્મચારી અને બ્રાહ્મણ બનીને આવ્યા- પરીક્ષા કરવા ને શંકરની બ્રહ્મચારી સામે શંકરની નિંદા કરે. ખુદ પોતાની નિંદા કરી! કહે- કન્યા! તારી મતિ બહેર મારી ગઈ છે કે શંકરને પરણવાની તૈયારી કરે

ચરણધુલિને વંદન કરે! તો પાર્વતીના મનને પણ ચલિત નહીં કરી શક્યા સપ્તર્ષિ. પાર્વતીજીની બુદ્ધિએ નિશ્ચય કરી લીધો. એવી મતિ જેણે શિવપ્રાપ્તિનો નિશ્ચય કર્યો છે. 'બરઉં શંભુ નત રહઉં કુંવારી'- શિવચરણોમાં રતિ છે એવી મતિ એટલે પાર્વતી. 'આત્મા ત્વં ગિરજા મતિ' એના નિશ્ચયને કોઈ બદલી ન શકે. સ્વયં શંકર બ્રહ્મચારી અને બ્રાહ્મણ બનીને આવ્યા- પરીક્ષા કરવા ને શંકરની નિંદા કરે. ખુદ પોતાની નિંદા કરી! કહે- કન્યા! તારી મતિ બહેર મારી ગઈ છે કે શંકરને પરણવાની તૈયારી કરે. જેની પાસે ઘર નથી તું શું એની ઘરવાળી બનવાની? એની પાસે ઘર તો હોવું જોઈએ. સ્મશાન ભસ્મ ચોળનારા, મુંડમાળા ધારણ કરનારા, સર્પના આભૂષણ પહેરનારા, અરે! કંપની તો જો એની? કોને સાથે લઈ ફરે? છિપકલી જોઈને ડરે તું, ભૂત-પ્રેત, પિશાચ છે, ડાકિની-શાકિની છે. 'તમને શુધ્ધ રે જાણીને અમે સેવિયા, તમને સિધ્ધ રે જાણીને અમે સેવિયા.'

'એ જી મારા રુદિયામાં દિવસ ને રાત જોગન્દર ભલે ને જાગિયા.' શું છે? પ્રસિદ્ધ છે ભિખારીના રૂપમાં, કંઈ નથી. એની પાસે ને એને માટે તું પાગલ થાય? સ્વયં શંકર બ્રાહ્મણ બની પરીક્ષા કરે પાર્વતીના પ્રેમની. આમ પણ બહેનોની, માતાની પરીક્ષા ખૂબ થાય. કેટલાક પતિ તો પત્નીને પરેશાન કરે અને રડતી આંખ જોઈ ખુશ થાય! એને મજા આવે. પછી એને રડતી જોઈને એને વહાલ ઉભરાય! પેલી પણ કહે કે મને ખબર છે મને રડાવવામાં જ તમને મજા આવે છે. કસોટી કરે. કર્દમ ઋષિ પરીક્ષા કરે મા દેવહૂતિની. શંકર સપ્તર્ષિને મોકલે, સ્વયં પરીક્ષા કરે. પાર્વતીના પ્રેમની અનન્યતા, નિશ્ચિય જોઈ. શિવચરણ રતિથી યુક્ત છે પાર્વતીની મતિ. 'આત્મા ત્વં ગિરજા મતિ, સહચરા પ્રાણા.'- હે ભોલેનાથ! પ્રાણ આપના સહચર છે. આપના ગણ છે. શરીર આપનું મંદિર છે. 'શરીરં ગૃહં'- ખાવું, પીવું, સૂવું દરેક કર્મ આપની આરાધના, આપની પૂજા છે. મારી નિદ્રા સમાધિ છે. મારું ચાલવું આપની પરિક્રમા છે, મારું બોલવું મહાદેવ! આપનું સ્તવન છે. હું જે કંઈ કરું ભોલેનાથ! આપની આરાધના, પૂજા છે. આત્મલિંગ જેમ જ્યોતિર્લિંગ તેમ આત્મલિંગ. 'ઓમ તત્સત શ્રી નરાયણ તું, પુરુષોત્તમ હરિ તૂ. સિધ્ધ બુધ્ધ તૂ સ્કંદ વિનાયક સવિતા પાવક તૂ' એમાં આવે આત્મલિંગ. શિવ તું એક એક દેહધારી પ્રાણીઓનો દેહ શિવાલય છે. ચેતના-શિવાલય, બધાની મતિ-ગિરજા. જે છે સચરાચર-ચર, અચર વ્યક્ત-અવ્યક્ત, સ્થૂળ- સૂક્ષ્મ બધું જ શિવરૂપ છે. 'આપો દૃષ્ટિમાં તે જ અનોખું, સારી સૃષ્ટિને શિવરૂપ દેખું. મારા મનમાં વસો, હૈયે આવી હસો, શાંતિ સ્થાપો. દયા કરી શિવદર્શન આપો. શંભુ ચરણે પડી...' બધું શિવમય છે. સચરાચર સૃષ્ટિ એ ભગવાન શિવની કથા, ચરિત્ર, શ્રવણ, ગાયન યથામતિ અનેક ગ્રંથોનો આધાર લઈને આપણે કરીએ. ભાગવત હોય કે શિવપુરાણ અતિ પાપીની પણ ગતિ થાય છે. નિષ્પાપ થાય અને તેને વૈકુંઠલોક કે શિવલોકની પ્રાપ્તિ થાય. જેને મોટો દંડ થવો જોઈએ એ બગડેલા બ્રાહ્મણની એ ધુંધુકારી હોય. ભાગવત પ્રમાણે કથાશ્રવણથી પ્રેતપીડાથી નિવૃત્ત થયો. ભગવાનનું વિમાન એને લઈ ગયું- ભગવાનના ધામમાં. આ છે કરૂણા વરૂણાલય ભગવાનની ઉદારતા, કરુણા. બિંદુની કથા હવે પછી...

(પૂ.રમેશભાઈઓઝા(પૂ.ભાઈશ્રી)નાસત્સંગનેઆધારે)